## સ્પે.દિ.મુ.નં.૧૦૦/૦૧

## -:: આંક-૪૬૧ તથા આંક-૪૬૩ લગત સંયુકત હુકમ :-

(૧) આ કામના પ્રતિવાદી નં.૪ ના આંક-૧૩૧ મુજબ થયેલ જામીનદારો પૈકી જામીનદારશ્રી સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલનાએ આ અરજી આપી કુલ રૂા.૨૨,૦૦,૦૦૦/- ના જામીન સામે તેઓ રૂા.૧૧,૦૦,૦૦૦/- ના જામીન થયેલ તેમને છુટા કરવા આ અરજી લાવી માંગણી કરેલ છે. જામીનદાર સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલનાઓએ આ અરજી તેઓ હવે વયોવૃઘ્ધ થઈ ગયેલ હોય મીલકતને જામીનદારીમાં મુકતા તેઓ રીનોવેશન કરી શકતા નથી અને વેચાણ પણ કરી શકતા નથી. આ સંજોગોમાં તેઓ વયોવૃઘ્ધ હોય આ જવાબદારીમાંથી તેઓને મુકત કરવા આ અરજી લાવી માંગણી કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદી નં.૪ નાએ આંક-૪૬૩ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ઘ્વારા આંક-૧૩૧ ની મનાઈ અરજી લગત જે જામીન આપવાના હુકમો કરાયેલ તે મુજબ આંક-૨૩૮ થી સુનિતાબેન અશોકભાઈ પટેલ રૂા.૭,૫૦,૦૦૦/- ના જામીન થયેલ. આ ઉપરાંત આંક-૨૪૧ મુજબ હરિશભાઈ પોપટલાલ પટેલ રૂા.૨,૫૦,૦૦૦/- ના જામીન થયેલ. આંક-૨૪૪ મુજબ નિખીલભાઈ જયંતિલાલ પટેલ રૂા.૧,૦૦,૦૦૦/- ના જામીન થયેલ. આ ઉપરાંત આંક-૨૪૯ મુજબ સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલ રૂા.૧૧,૦૦,૦૦૦/- ના જામીન થયેલ. પ્રતિવાદી નં.૪ નાએ આ અરજી લાવી એવી માંગણી કરેલ છે કે પડેલ જામીનો પૈકી હરિશભાઈ પોપટલાલ પટેલ, નિખીલભાઈ જયંતિલાલ પટેલ તથા સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલને જામીનમાંથી મુકત કરી આ કુલ રકમ રૂા.૧૪,૫૦,૦૦૦/- માટે પ્રતિવાદી નં.૪ કેટલી રકમની ફિકસ ડીપોઝીટની રસીદ જમા કરે અને તેના પરનો બોજો ગણી જામીનગીરી તરીકે સ્વીકારવા અને આ જામીનોને મુકત કરવા માંગણી કરેલ છે.

(૩) આ કામે આંક–૪૬૭ થી આ બન્ને અરજીઓનો સંયુકત જવાબ વાદી ધ્વારા આપવામાં આવેલ છે અને તેમાં મુખ્યત્વે એવી તકરાર ઉપસ્થિત કરેલ છે કે નામ. વડી અદાલતે સ્પે. સીવીલ એપ્લી.નં.૯૯૦૮/૨૦૧૩ થી આ દાવાના પ્રોસીડીંગ સ્ટે કરેલ છે. તેથી આ અદાલત આ પ્રકારની અરજીઓ વિચારણામાં લઈ શકે નહી. આ ઉપરાંત વિશેષમાં એવી તકરાર લીધેલ છે કે ૨૦૦૩ ના હુકમ માટે જે રકમ જામીનગીરી તરીકે આપવા હુકમ કરેલ તે મુજબની જ રકમ આજે ૧૩ વર્ષ પછી સ્વીકારવા હુકમ કરવો યોગ્ય અને કાયદેસરનુ નથી. આ ઉપરાંત નીચેની કોર્ટે જે હેતુથી હુકમ કરેલ તે હેતુથી આ પ્રકારે જો પ્રતિવાદી નં.૪ અને તેઓના જામીનોની માંગણી સ્વીકારવામાં આવે તો તે કરાયેલ હુકમનો કોઈ અર્થ ન રહે. આ સંજોગોમાં પ્રતિવાદી નં.૪ નાએ ઈરાદાપુર્વક વાદીને નુકશાન થાય તેવી માંગણી કરેલ છે. આ ઉપરાંત આ કામના વાદીએ દાવાવાળી જમીનમાં તેણીનો ૨/૩ હિસ્સો પોષાતો હોવાની રજુઆત ધ્યાને લઈ કુલ રૂા.૩૩,૦૦,૦૦૦/– ના અવેજ માટે થયેલ વેચાણ દસ્તાવેજની રકમ માટે રૂા.૨૨,૦૦,૦૦૦/– ના જામીન રજુ કરવા તેવો હુકમ કરેલ છે. આ સંજોગોમાં જો હવે આ બન્ને અરજીઓ મંજુર કરવામાં આવે તો તે હુકમનો અર્થ ન રહે. આ ઉપરાંત આ બન્ને અરજીઓ શુધ્ધબુધ્ધિથી કરાયેલ ન હોય બન્ને અરજીઓ રદ કરવા માંગણી કરેલ છે.

(૪) આ કામમાં પ્રતિવાદી નં.૪ નાએ તેઓની આંક–૪૬૩ ની અરજીના સમર્થનમાં આંક–૪૬૮ થી તેઓની લેખીત દલીલ રજુ કરેલ છે અને જામીન બદલવાની કાર્યવાહી એ માત્ર વહીવટી કાર્યવાહી છે અને નામ. વડી અદાલતે આગળ લીગલ પ્રોસીડીંગ સ્ટે કરેલ છે. પરંતુ આવા વહીવટી કામ થઈ શકે. આ કામના વાદી યેન કેન પ્રકારે પ્રતિવાદી નં.૪ તથા જામીનદારોને હેરાન કરવા ખોટા વાંધાઓ લઈ રહેલ છે. આ ઉપરાંત નામ. વડી અદાલતે જે હુકમ કરેલ તે છેક સુપ્રીમકોર્ટ સુધી કાયમ રહેલ છે. તે સંજોગોમાં રૂા.૨૨,૦૦,૦૦૦/– મુજબના જામીનને ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવો જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૫) આ કામના જામીનદારે તેઓની આપેલ આંક–૪૬૧ ની અરજીના સમર્થનમાં આંક–૪૬૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે અને આ લેખીત દલીલમાં મુખ્યત્વે તેઓએ કરેલ

અરજી મુજબની હકીકતો જણાવેલ છે. આ ઉપરાંત જામીન બદલવા એ વહીવટી કામગીરી છે. આ ઉપરાંત જામીનદાર સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલ હવે વયોવૃધ્ધ હોય હવે જામીન તરીકે રહેવા માંગતા ન હોય અને મીલકતને છુટી કરવા માંગતા હોય માંગણી મુજબ અરજ ગ્રાહ્ય રાખવા રજુઆત કરેલ છે.

(૬) આ કામમાં આંક−૪૭૨ થી વાદીએ પોતાની લેખીત દલીલ રજુ કરેલ છે અને તેમાં તેઓએ આંક−૪૬૭ થી જે જવાબ રજુ કરેલ તે મુજબ જ દલીલો કરેલ છે. આ લેખીત દલીલમાં વિશેષમાં પ્રતિવાદીઓ તથા જામીનદારે એકબીજાના મેળાપીપણાંમાં હાલના વાદીને હેરાન કરવા ખોટી રીતે અરજી આપેલ છે. આ ઉપરાંત પ્રતિવાદી નં.૪ માંગણી કરે છે તે મુજબ એફ.ડી.આર.ને જામીન તરીકે લઈ શકાય નહી. આ ઉપરાંત ૨૦૦૩ માં રૂા.૩૩,૦૦,૦૦૦/− ની વેચાણ અવેજની રકમ ધ્યાને લઈ રૂા.૨૨,૦૦,૦૦૦/− જામીન સ્વીકારાયેલ છે. આ સંજોગોમાં તે જ મુજબની રકમ માટે આજે જામીન સ્વીકારી શકાય નહી.

(૭) આ કામે બન્ને પક્ષકારોની રજુઆતો વિચારણામાં લીધી. પ્રતિવાદી નં.૪ નાએ અરજી લાવી કુલ જુદા જુદા ત્રણ જામીનોને મુકત કરવા માંગણી કરેલ છે તેની સામે ત્રણેય જામીનદારોએ છુટા થવા માંગણી કરેલ નથી અને તે પૈકી માત્ર સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલનાએ પોતાની અલગથી વિશેષમાં સ્વતંત્ર માંગણી કરેલ છે. આ સંજોગોમાં અન્ય જામીનદારો એટલેકે હરિશભાઈ પોપટલાલ પટેલ તથા નિખીલભાઈ જયંતિલાલ પટેલની અરજીમાં વિશેષ આ અદાલતે વિચારણા કરવાની જરુર નથી. આ ઉપરાંત તેઓને શા માટે છુટા કરવાની જરુર છે તેના પણ કોઈ કારણો કે વિગતો આપેલ નથી.

(૮) આ સંજોગોમાં માત્ર આંક−૪૬૧ વાળા પ્રતિવાદી નં.૪ ના જામીન સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલની અરજી વિશે વિચારણા કરવામાં આવે તો તેઓ સ્વૈચ્છાએ પ્રતિવાદી નં.૪ ને ઉપયોગી થવા જામીન થયેલ છે. તેઓએ જામીન પડતી વખતે કેસ કાર્યવાહી લાંબી ચાલી શકે તે શકયતાને ધ્યાને લેવી જોઈતી હતી. આ સંજોગોમાં આ પ્રકારે તેઓ હવે આ તબકકે છુટા થાય તે યોગ્ય નથી તેમ છતાં તેઓ વયોવૃધ્ધ હોય અને છુટા થવા માંગતા હોય તે પરિસ્થિતી

પરત્વે વિચારણા કરવામાં આવે છે.

(૯) આ કામમાં વાદીની રજુઆત મુજબ નામ. વડી અદાલત ધ્વારા હાલના દાવાની કેસ કાર્યવાહી સ્ટે કરેલ છે. તેથી જામીન બદલવાની પણ કામગીરી થઈ શકે નહી. વાદીની આ પ્રકારની રજુઆતો યોગ્ય અને વ્યાજબી નથી. જામીન બદલવા તે સામાન્ય વહીવટી કામગીરી ગણી શકાય અને સૈધ્ધાંતિક રીતે આ અદાલત દાવાની કોઈ આગળ કાર્યવાહી કરવાની કામગીરી કરતા હોવાનુ વિચારી શકાય નહી. આ સંજોગોમાં વાદીની આવી દલીલો સ્વીકારવા લાયક નથી. આ સંજોગોમાં નામ. વડી અદાલત ધ્વારા કેસ કાર્યવાહી આગળ ચલાવવા સામે સ્ટે હોવા છતાં જામીન બદલવાની માંગણી વિશે ચોકકસ વિચારણા થઈ શકે.

(૧૦) વાદીની અન્ય મુખ્ય તકરાર એવી છે કે સને ૨૦૦૩ માં જે જામીન લેવાયેલ અને તેની સામે મીલકતના જામીન તરીકે રજુ થયેલ તે જ રકમ મુજબ નવા જામીન આપે તે યોગ્ય નથી. વાદીની આ તકરાર ઘણે અંશે વજુદવાળી જણાય છે. આ કામમાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા તા.૧૧/૧૧/૨૦૦૩ ના રોજ હુકમ કરીને રૂા.૨૨,૦૦,૦૦૦/- ની રકમ માટે પ્રતિવાદી નં.૪ નાએ અન્ડરટેકીંગ આપવુ અને તેના પાલન માટે રૂા.૨૨,૦૦,૦૦૦/- ના સધ્ધર જામીન રજુ કરવા તેવો હુકમ કરેલ છે અને આ રકમ વાદી ભવિષ્યમાં સફળ થાય તો તેઓને નુકશાન બાબતે જે હુકમ થાય તે વ્યાજ સહિત વસુલી શકે તે હેતુથી જામીન લીધેલાનુ જણાય છે. આ સંજોગોમાં આ હુકમ થયાને તા.૧૧/૧૧/૨૦૦૩ થી આજ દિન સુધીના સમયને ધ્યાને લેતા તે સમય આશરે ૧૪ વર્ષ જેવો થાય અને આ સમયનુ ૯ % જેવુ વાર્ષિક વ્યાજ ઉમેરવામાં આવે તો કુલ ૧૨૬ માસ માટેનુ વ્યાજ વિચારણામાં લેવાનુ રહે. આ સંજોગોમાં અગાઉના હુકમ મુજબ હાલના જામીનદાર રૂા.૧૧,૦૦,૦૦૦/- માટે જામીન થયેલ તે રૂા.૧૧,૦૦,૦૦૦/- + ૧૨૬ માસનુ ૯ % મુજબ વ્યાજ રૂા.૧૩,૮૬,૦૦૦/- = રૂા.૨૪,૮૬,૦૦૦/- કે જેને રાઉન્ડ ફીગરમાં મુકતા રૂા.૨૫,૦૦,૦૦૦/- થાય. આ સંજોગોમાં પ્રતિવાદી નં.૪ જો અગાઉ થયેલ જામીન સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલના સામે રૂા.૨૫,૦૦,૦૦૦/- ના નવા સધ્ધર જામીન રજુ

કરે અને તેને સ્વીકારવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. જામીનદારે જામીન પડતી વખતે કેસ કાર્યવાહી વધારે લાંબી ચાલી શકે તે વિચારણામાં લીધા વગર જામીન પડેલ હોય અને તેઓને અગવડતા હોય યોગ્ય ખર્ચની રકમ સાથે છુટા કરી શકાય. આ ઉપરાંત તે જ રીતે પ્રતિવાદી નં.૪ સતત કેસ કાર્યવાહી દરમ્યાન હાજર રહી શકે તેવા જામીન જે તે સમયે રજુ કરેલ ન હોય તેઓની સામે પણ યોગ્ય ખર્ચની રકમ એટલેકે દરેકને રૂા.૧,૫૦૦/– લીગલ એડમાં જમા કરાવવાની શરતે જામીનદાર સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલ માટે પ્રતિવાદી નં.૪ નવા રૂા.૨૫,૦૦,૦૦૦/– ના સધ્ધર જામીન રજુ કર્યેથી અને ઉપરોકત ખર્ચની રકમ જમા કરાવી આપવાની શરતે અને તેનુ પાલન કર્યેથી અને જામીન રજુ કર્યેથી સ્વીકાર્યેથી હાલના જામીનદાર સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલને મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ જણાય છે. આ સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

– પ્રતિવાદી નં.૪ ના જામીન સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલની જામીન તરીકે મુકવ થવાની અરજી પ્રતિવાદી નં.૪ તરફથી રૂા.૨૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા) ના આ મુજબના નવા સધ્ધર જામીન રજુ કર્યેથી અને સ્વીકાર્યેથી તેઓને મુકત ગણવાના રહેશે. આ ઉપરાંત પ્રતિવાદી નં.૪ ને પણ તે મુજબ આ અરજી અંશતઃ માત્ર સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલ પુરતી રૂા.૨૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા) ના નવા સધ્ધર જામીન અગાઉની શરતો મુજબના રજુ કર્યેથી અને સ્વીકાર્યેથી મંજુર થયેલાનુ ગણાશે.

– આ ઉપરાંત પ્રતિવાદી નં.૪ ના જામીનદાર સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલ તથા પ્રતિવાદી નં.૪ બન્નેએ અલગ અલગથી રૂા.૧,૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) + રૂા.૧,૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) = કુલ રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) લીગલ એડમાં ખર્ચના જમા કરાવ્યેથી જામીન સ્વીકારવાની આગળ કાર્યવાહી કરવામાં આવશે. ખર્ચની રકમ આ હુકમ થયેથી દિન–૭ માં લીગલ એડમાં પ્રતિવાદી નં.૪ તથા

તેઓના જામીન શ્રી સુરેન્દ્રભાઈ જયંતિલાલ પટેલનાએ જમા કરાવવી અને આ રકમ જમા થયેથી આગળ કાર્યવાહી કરવામાં આવશે.

– આ હુકમની એક એક નકલ દરેક આંક નીચે મુકવી.

હુકમ આજ તારીખ ૧૮ માહે નવેમ્બર સને–૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. કલોલ.
તા.૧૮/૧૧/૨૦૧૭

(પરેશ મોહનલાલ સાયાણી)
જીજે૦૦૫૭૫
પ્રિન્સિ. સીની. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., કલોલ